# વડાપ્રધાન મોદીને આવકારવા અરવલ્લીમાં ભારે ઉત્સાહ

## મોડાસા શહેર દુલ્હનની જેમ શણગારાયુ : સમગ્ર શહેરમાં લોખંડી સૂરક્ષા

મોડાસા, તા. ૨૯

દેશના વડાપ્રધાન આજે વિવિધ લોકાર્પણ અને અત્યાધુનિક બસસ્ટેન્ડના ખાતમુહૂર્ત અંતર્ગત મોડાસા શહેરની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે સમગ્ર તૈયારીઓ પુર્ણ થયા બાદ મોડાસા શહેર દુલ્હન બનીને મોદીના આગમનની રાહ જોતુ હોય તેવુ લાગી રહ્યુ છે. અરવલ્લી-સાબરકાંઠા સહિત મહિસાગર જિલ્લાના પ્રજાજનો મોદીને આવકારવા અતિ ઉત્સાહીત હોય તેવુ લાગી રહ્યું છે. જિલ્લા સહિત શહેરના માર્ગો પર ઠેર ઠેર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકાર આપવા હોર્ડિંગ્સ લાગી ગયા છે.

મોડાસા શહેરભરની તમામ સરકારી કચેરીઓ જેવી કે નગરપાલિકા કચેરી, ટાઉનહોલ, કલેક્ટર કચેરી, બહુમાળી ભવન, શહેરનુ સર્કિટહાઉસ તદઉપરાંત શહેરના તમામ મુખ્ય માર્ગો અને બિલ્ડીંગો દિવાળીમાં પણ જોવા ન મળે તેવી અદ્‌ભૂત રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે.



શહેરની જાહેર સ્થળની વિવિધ દિવાલો પર અરવલ્લી જિલ્લાની ઐતિહાસીક પ્રતિકૃતીઓ કંડારવામાં આવતા અદ્‌ભૂત નજારો જોવા મળી રહ્યો છે. મોડાસાના શહેરીજનો અને બન્ને જિલ્લાવાસીઓ અને ભાજપના અગ્રણીઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમન સમયે વરસાદ વિઘ્ન ન બને તેવી પ્રાર્થના સાથે આતુરતાથી મોદીજીની પ્રતિક્ષા કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભામાં ૧ લાખ જેટલા લોકો પહોંચવા અને નિહાળવા અધીરા બન્યા છે. મોડાસામાં વડાપ્રધાનના લોકાર્પણમાં સફળ બનાવવા અને જનમેદની એકઠી કરવા એસટી નિગમની ૧૧૧૫ બસો ફાળવવામાં આવી છે. આ બસો જિલ્લાના અને ઉત્તર ગુજરાત સહિત વિવિધ વિસ્તારોમાંથી ૧ લાખ જેટલી જનમેદની એકઠી કરવા પ્રબંધ કરવામાં આવ્યો હોવાનુ એસટી સુત્રો પાસેથી જાણવા મળ્યુ હતુ.

વડાપ્રધાનની સભામાં ભીડને ધ્યાનમાં રાખીને વાહનપાર્ક કરવા ૪ પાર્કીંગ પ્લોટ વહીવટીતંત્ર દ્વારા બનાવવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લા અને મહિસાગર જિલ્લામાંથી આવતા પ્રજાજનો અને વાહનચાલકો માટે એપીએમસી ગ્રાઉન્ડ ખાતે પાર્કીંગની જગ્યા ફળવાઈ છે. વીવીઆઈપી અને વીઆઈપી માટે મોડાસા જીઆઈડીસી નજીક પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી ટ્રાફિકજામ ના થાય અને અરાજકતા ફેલાય નહિ.

### પોલીસ એલર્ટ : મોડાસામાં અભેદ લોખંડી સુરક્ષા ગોઠવાઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે મોડાસા આગમન અગાઉ ચુસ્ત ફુલપ્રુફ સિક્યુરીટી પ્લાન તૈયાર કરી લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હોટલો, ધર્મશાળા કે આવા રોકાણ સ્થળો, જાહેર સ્થળો પર સતત ચેકીંગ હાથ ધરી તોફાની તત્વો કે ગુન્હેગારો પર પણ બારીકાઈથી નજર રાખી રહ્યા છે. પીએમના આગમનથી લઈને વિદાય સુધી 'પરિંદા ભી પર ન માર શકે' એ રીતે રાજ્ય પોલીસતંત્ર દ્વારા અને એસપીજી સીક્યુરીટી દ્વારા સઘન સુરક્ષા ગોઠવાઈ છે. જેમાં એસપી-૯, પીએસઆઈ. ૧૨૫, ડીવાયએસપી-૨૩, પોલીસ-૧૪૫૦, પીઆઈ-૪૫, એસઆરપી-૩ કંપની, ક્યુઆરટી-૩ કંપની, બીડીએસ-૩ કંપની, એસપીજી-૫૦ કમાન્ડો સહિતનો પોલીસ બંદોબસ્ત ફરજ બજાવશે.







